# <u>ચુંટણી નોટીસ અને કાર્યક્રમ</u>

(૧) વ્યવસ્થાપક મંડળના વર્તમાન સભ્યો સર્વ (૧) સુશ્રી અરૂણાબેન આઇ. પટેલ (૨) સુશ્રી શ્રૃતિબહેન પી. પટેલ (૩) શ્રી દિલીપકુમાર વી. દેસાઇ (૪) શ્રી હિતેન્દ્ર જે. પટેલ (૫) શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ પેટા નિયમની જોગવાઇ મુજબ ક્રમાનુસાર નિવૃત્ત થાય છે. આ પાંચ જગ્યા માટે તા.૧૯-૦૪-૨૦૨૬ ની બોર્ડ મીટીંગમાં નક્કી થયા મુજબ આગામી **<u>૦૧-૦૬-૨૦૨૬ ને સોમવાર</u>** ના રોજ ચુંટણી યોજવામાં આવનાર છે. નિવૃત્ત થતાં વ્યવસ્થાપક મંડળના સભ્યો પણ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૨) મતદારયાદીમાં નોંધાયેલા હોય તે પૈકી કોઇ પણ સભ્ય ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૩) ઉમેદવારી પત્રક માન્ય રાખવા કે રદ કરવા તેમજ ચુંટણી અંગેના કોઇપણ વિવાદ બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) મતદારોએ મતદાન વખતે વિભાગ/કચેરી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. ઓળખ માટે પુરાવાઓ ન હોય તેવા સંજોગોમાં મતદાન કરવા દેવું કે કેમ? તે બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) ઉમેદવારી પત્રક સાથે મતદાર યાદી રૂ.૨૫/- ની કિંમત ચુકવ્યેથી સોસાયટીના કાર્યાલયના સમય દરમ્યાન મળી શકશે.

(૬) ઉમેદવારી પત્રક સાથે રૂ ૨૫૦.૦૦ (રૂપિયા બસો પચાસ પુરા) ડીપોઝીટ તરીકે આપવાના રહેશે.

(૭) ચુંટણીમાં થયેલ કુલ મતદાનના ૧૦% કરતાં ઓછા મત મેળવનાર ઉમેદવારની ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૮) ચુંટણી અધિકારીની નિમણુંક અંગેની જાહેરાત સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

| અ.નં. | કાર્યક્રમની વિગત | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | ઉમેદવારી પત્રકની વહેંચણી | ૧૧-૦૫-૨૦૨૬ થી ૧૪-૦૫-૨૦૨૬ | સોમવાર થી ગુરૂવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૨. | ઉમેદવારી પત્રક ભરીને પરત કરવા અંગે | ૧૧-૦૫-૨૦૨૬ થી ૧૪-૦૫-૨૦૨૬ | સોમવાર થી ગુરૂવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૩. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદ પ્રાથમિક યાદીની પ્રસિધ્ધિ | ૧૪-૦૫-૨૦૨૬ | ગુરૂવાર | સાંજના ૬-૧૫ કલાક | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૪. | ઉમેદવારી પત્રક પરત ખેંચવા અંગે | ૧૫-૦૫-૨૦૨૬ ૧૬-૦૫-૨૦૨૬ | શુક્રવાર શનિવાર | સવારના ૧૧ થી સાંજના ૬ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૫. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધિ | ૧૬-૦૫-૨૦૨૬ | શનિવાર | સાંજના ૬-૧૫ કલાક | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૬. | ગુપ્ત મતદાન દ્વારા ચુંટણી અને ચુંટણી સ્થળ | ૦૧-૦૬-૨૦૨૬ | સોમવાર | સવારના ૧૦ થી સાંજના ૬-૧૦ સુધી | સચિવાલય સંકુલ બ્લોક નં ૬ના ભોંયતળીયે. |
| ૭. | મત ગણતરી | ૦૧-૦૬-૨૦૨૬ | સોમવાર | સાંજના ૮ કલાક થી | જુના સચિવાલય કેન્ટીન |
| ૮. | વિધિસરના પરિણામની જાહેરાત | ૦૨-૦૬-૨૦૨૬ | મંગળવાર | સાંજના ૬-૧૫ કલાકે | ટાઉનહોલ, સેક્ટર ૧૭ ગાંધીનગર |

તારીખ : ૨૨-૦૪-૨૦૨૬

સ્થળ : ગાંધીનગર.

વ્યવસ્થાપક મંડળ વતી,

શ્રી હિતેન્દ્ર જે. પટેલ

ઉપપ્રમુખ